RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"


www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 86 * Date: 14.01.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# જાપાનમાં ૬.૮ની તીવ્રતાનો ભૂકંપ, સુનામીની ચેતવણી જાહેર




જાપાનના ક્યૂશુ ટાપુ પર ભૂકંપના જોરદાર આંચકા આવતા લોકોમાં ભારે ફફડાટ છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૯ માપવામાં આવી છે. ભૂકંપ બાદ જાપાનના તટીય વિસ્તારોમાં સુનામીની ચેતવણી પણ આપવામાં આવી છે. જાપાનની એજન્સીઓ અનુસાર ભૂકંપનું કેન્દ્રબિંદુ ક્યૂશુમાં જ હતું. જેથી આસપાસના વિસ્તારોમાં સુનામીનું એલર્ટ આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે જાપાનમાં અવારનવાર ભૂકંપ આવતા રહે છે, જેથી અહીંનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ભૂકંપ સામે ટકી શકે તેવી જ બનાવવામાં આવે છે. નોંધનીય છે કે થોડા દિવસ અગાઉ તિબેટમાં પણ ભયાનક ભૂકંપ આવ્યો છે. ૬.૮ની તીવ્રતાના ભૂકંપના કારણે તિબેટના ૧૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ભૂકંપની તીવ્રતા એટલી વધારે હતી કે ઉત્તર ભારતના પણ કેટલાક રાજ્યોમાં આંચકા અનુભવાયા હતા.

## આર્મી ચીફે કહ્યું- બાંગ્લાદેશની ચૂંટાયેલી સરકાર સાથે જ વાત કરીશું:ચીન સરહદ પર સ્થિતિ સંવેદનશીલ

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સોમવારે કહ્યું હતું કે, તેઓ બાંગ્લાદેશમાં તખ્તાપલટ દરમિયાન તેમના સેના પ્રમુખના સંપર્કમાં હતા, પરંતુ હવે બાંગ્લાદેશ સાથે સંબંધો વિશે ત્યારે જ વાત કરી શકીશું જ્યારે ત્યાં ચૂંટાયેલી સરકાર હશે.જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન દેશની તમામ સરહદો પર સુરક્ષા અંગે ચર્ચા કરી હતી. તેમણે ચીન બોર્ડર, મ્યાનમાર બોર્ડર અને મણિપુર હિંસા અંગે સેનાની તૈયારીઓ વિશે જણાવ્યું.દ્વિવેદીએ કહ્યું- જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં અમે ધીમે ધીમે આતંકવાદથી પર્યટન તરફ આગળ વધી રહ્યા છીએ. લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (ચીન સરહદ) પર પરિસ્થિતિ સંવેદનશીલ છે, પરંતુ નિયંત્રણમાં છે. પીએમ મોદીએ આ મુદ્દે ચીનના નેતા સાથે પણ વાત કરી છે. હવે ત્યાં કોઈ બફર ઝોન નથી.જમ્મુ-કાશ્મીરમાં હાલમાં સક્રિય ૮૦% આતંકવાદીઓ પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓ છે. ૨૦૨૪માં માર્યા ગયેલા આતંકવાદીઓમાંથી ૬૦% પાકિસ્તાની હતા.

## મહાકુંભમાં કલ્પવાસ એટલે શું? સ્ટીવ જોબ્સના પત્નીએ કરવું પડશે આ નિયમોનું પાલન

દરેક માટે આકર્ષણનું કેન્દ્ર બનેલો મહાકુંભ મેળો પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી શરુ થઈ ચૂક્યો છે. જે ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી યોજાશે. આ ધાર્મિક મેળાવડામાં વિશ્વભરમાંથી લાખો ભક્તો, સંતો અને ભક્તો ભાગ લઈ રહ્યા છે. આ વખતે મહાકુંભમાં ભાગ લેવા માટે માત્ર ભારત જ નહીં પરંતુ વિદેશથી પણ દિગ્ગજ હસ્તીઓ આવી રહી છે.એપલ કંપનીના કો-ફાઉન્ડર સ્ટીવ જોબ્સની પત્ની લોરેન પોવેલ જોબ્સ પણ પ્રયાગરાજ આવ્યા છે. નિરંજની અખાડાએ લોરેન પોવેલનું નામ બદલી કમલા કર્યું છે. તેને આચાર્ય કૈલાશ નંદગીરી મહાત્માનું ગોત્ર પણ આપવામાં આવ્યું છે. તેઓ મહાકુંભમાં



કલ્પવાસમાં સાધના કરશે.

સ્વ-શુદ્ધિ અને સખત આધ્યાત્મિક શિસ્ત પર આધારિત 'કલ્પવાસ' શબ્દ સંસ્કૃતમાંથી આવ્યો છે, જ્યાં 'કલ્પ' એટલે કોસ્મિક યુગ અને 'વાસ' એટલે સ્થળાંતર અથવા નિવાસ. આ ધાર્મિક વિધિ સંગમ જેવા પવિત્ર સ્થાનો પર ભક્તો દ્વારા કરવામાં આવે છે, જ્યાં તેઓ દુનિયાની તમામ સુખ-સુવિધાઓનો ત્યાગ કરીને અસ્થાયી શિબિરમાં ધ્યાન-સાધના કરે છે. આ સમય દરમિયાન ભક્તો તપ, ધ્યાન, પ્રાર્થના અને ધ્યાન કરીને તેમના આત્માને શુદ્ધ કરવાનો પ્રયાસ કરે છે. કલ્પવાસનો મુખ્ય ઉદ્દેશ્ય આત્માની શુદ્ધિ અને માનસિક શાંતિ પ્રાપ્ત કરવાનો છે.

વિશ્વભરમાંથી મોટી હસ્તીઓ અને પ્રભાવશાળી મહિલાઓ મહાકુંભમાં આવી રહી છે, તેઓ સંગમમાં સ્નાન કરશે અને ધાર્મિક વિધિઓમાં ભાગ લેશે. પ્રખ્યાત સામાજિક કાર્યકર અને લેખિકા સુધા મૂર્તિ પણ મહાકુંભ દરમિયાન સંગમમાં ડૂબકી લગાવશે. ઉલ્ટા કિલ્લા પાસે તેમના રોકાણ માટે ખાસ કુટીર તૈયાર કરવામાં આવી છે.ઉદ્યોગપતિ સાવિત્રી દેવી જિંદાલ, સ્વામી અવધેશાનંદ અને ચિદાનંદ મુનીની શિબિરોમાં રહેવાની યોજના બનાવી રહ્યા છે. ફિલ્મ અભિનેત્રી અને રાજનેતા હેમા માલિની પણ મહાકુંભમાં ભાગ લેશે અને જૂના અખાડાના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરિ મહારાજની શિબિરમાં રોકાવાની યોજના બનાવી છે. મહાકુંભમાં આ મહિલાઓની હાજરી આ પ્રસંગને વધુ ભવ્ય બનાવશે, અને ધર્મ અને આધ્યાત્મિકતા પ્રત્યેનો તેમનો ઊંડો લગાવ પણ દર્શાવે છે.




## આજના કળિયુગી શ્રવણો

દરેક માતા પિતા હંમેશા એક પુત્રની ઝંખના કરતાં હોય છે કે પોતાનો પુત્ર મોટો થઈ, માવતરના ઘડપણનો સહારો બનશે. પરંતુ હવે કળિયુગમાં દરેક માવતરે આવી મનોકામના કે ઈચ્છાને છોડી દેવી જોઈએ. બે ત્રણ દિવસ પહેલાં ગુજરાતનાં એક અગ્રગણ્ય અખબારમાં સમાચાર વાંચ્યા કે પદ્મશ્રીથી સન્માનિત એક ખ્યાતનામ સાહિત્યકારે, પોતાની લાખો રૂપિયાની સંપત્તિ પોતાનાં પુત્રોને વહેંચી આપી. ત્યારપછી આ કળિયુગી કપૂતોએ પોતાના વૃદ્ધ પિતાને ધક્કા મારીને ઘરની બહાર કાઢી મૂક્યાં. વૃદ્ધ પિતા દળદરની ઠોકરો ખાતાં બનારસ પહોંચી ગયા અને ત્યાં એક સમાજ સેવકની મદદ વડે વૃદ્ધાશ્રમમાં પહોંચ્યાં. આ વયોવૃદ્ધે પુત્રોને મળવાની આશામાં પ્રાણ ત્યજી દીધાં અને વૃદ્ધાશ્રમના સંચાલકોએ એ વૃદ્ધના પુત્રોને જાણ કરી, તેમ છતાં,એક પણ પુત્ર પોતાના પિતાના અંતિમ દર્શન માટે આવ્યો નહીં.છેવટે વૃદ્ધાશ્રમના સંચાલકોએ વૃદ્ધની અંત્યેષ્ટિ વિધિ કરી. આ ઉપરથી એક વાત તો જરૂર ફલિત થાય છે કે, પોતાના જીવતા જીવ ક્યારેય પણ પોતાની જે કાંઈ મૂડી કે સંપત્તિ હોય એ પુત્રોમાં વહેંચી આપવી નહીં. એક શ્રવણ એ હતો કે જેણે પોતાના વૃદ્ધ અને અંધ માતાપિતાને કાવડમાં બેસાડીને યાત્રાઓ કરાવી હતી અને આજના કળિયુગી શ્રવણો માબાપને મારીને ઘરની બહાર તગેડી મૂકે છે. દરેક માવતરે આ દાખલા ઉપરથી સબક શીખવા જેવો છે.

યોગેશભાઈ આર જોશી ,હાલોલ

## યુપીમાં ગાઢ ધુમ્મસ, ૬૭ ટ્રેનો ૧૦ કલાક લેટ:સિમલામાં ૨ દિવસમાં પારો ગગડ્યો

દેશના ઉત્તર અને મધ્ય ભારતીય રાજ્યોમાં તાપમાનનો પારો સતત ગગડી રહ્યો છે. આ સાથે ગાઢ ધુમ્મસની અસર પણ જોવા મળી રહી છે.યુપીના ૬૪ જિલ્લામાં ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઘટીને ૫૦ મીટર થઈ ગઈ છે. જેના કારણે ૬૭ ટ્રેનો ૧૦ કલાક મોડી પહોંચી હતી. મહોબામાં ઠંડીના કારણે એક યુવકનું મોત થયું હતું.હિમાચલમાં હિમવર્ષાને કારણે ઘણા શહેરોમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૪૮ કલાકમાં સિમલામાં મહત્તમ તાપમાન ૧૧.૪ ડિગ્રી ઘટીને ૫.૬ ડિગ્રી થયું છે.સતત ઘટી રહેલા તાપમાન અને કોલ્ડવેવને જોતા બિહારના પટના સહિત ૪ જિલ્લા અને રાજસ્થાનના જયપુર સહિત ૧૯ જિલ્લામાં ધોરણ ૮ સુધીની રજા જાહેર કરવામાં આવી છે.હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, ચંદીગઢ સહિત ૧૫ રાજ્યોમાં ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે. તેમજ, અરુણાચલ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, તમિલનાડુ, પુડુચેરીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રવિવારે દિલ્હીનું મહત્તમ તાપમાન ૧૭.૩ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં બે ડિગ્રી ઓછું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને ૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે શહેરમાં અને આસપાસ હળવો વરસાદ પડ્યો હતો. અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, આસામ, મેઘાલય, તમિલનાડુ, આંધ્રપ્રદેશમાં વરસાદ પડશે.

## તંત્રી લેખ...

# રૂપિયો ઓલ ટાઈમ લૉ, ૩૭ પૈસાના કડાકા સાથે ૮૬.૪૧ની સપાટીએ, સામાન્ય નાગરિકો પર શું થશે અસર?

શેરબજારની સાથે સાથે રૂપિયામાં પણ મંદીનું જોર વધ્યું છે. આજે રૂપિયો ફરી ડોલર સામે ૩૭ પૈસા તૂટી ૮૬.૪૧ની ઓલટાઈમ લો સપાટીએ પહોંચ્યો છે. ડોલર ઈન્ડેક્સ અને યુએસ ટ્રેઝરી યીલ્ડમાં આકર્ષક તેજીના કારણે રૂપિયો સતત નવુ તળિયું નોંધાવી રહ્યો છે.અમેરિકન ડોલર સામે રૂપિયો ૩૭ પૈસા તૂટી ૮૬.૪૧ના રેકોર્ડ તળિયે પહોંચ્યો છે. ફોરેન એક્સચેન્જ ખાતે રૂપિયો આજે ડોલર સામે ૮૬.૧૨ના સ્તરે ખૂલ્યા બાદ ઘટી ૮૬.૪૧ થયો હતો. જે શુક્રવારે ૮૬.૦૪ પર બંધ રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ પણ ૧.૪૪ ટકા વધી ૮૦.૯૧ ડોલર પ્રતિ બેરલ થયું છે. જેણે રૂપિયા પણ ફુગાવાનું પ્રેશર વધાર્યું છે.

રૂપિયાની વધતી નબળાઈ દેશના અર્થતંત્ર પર પ્રતિકૂળ અસરો સર્જી શકે છે. ક્રૂડના વધતાં ભાવો અને ડોલર સામે રૂપિયો નબળો પડતાં ૮૦ ટકા આયાત પર નિર્ભર ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવો ફરી પાછા આસમાને પહોંચી શકે છે. વિદેશ અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓ પર પણ બોજો વધશે. તદુપરાંત આયાત થતાં ઓટો- પાર્ટ્સ, સેમી કંડક્ટર ચીપ્સ પણ મોંઘી બનતાં ઈલેક્ટ્રોનિક્સ, વાહનોના ભાવ વધશે.

# અમદાવાદ શહેર યુથ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી ઉપર ખોટી રીતે પોલીસ ફરિયાદ કરવામાં આવી

અમદાવાદ શહેરમાં આવતા દાણીલીમડા વિસ્તારમાં રહેતા શહેર યુવા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી પર રાજકીય કિન્નાખોરી રાખીને ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ખોટી ફરિયાદ કરવામાં આવી છે. પોલીસે ભાજપના દબાણમાં આવીને ઈમરાન શેઠજી પર ફરિયાદ નોંધી છે. જે ગંભીર અને કમનસીબ છે.અમદાવાદ શહેર યુવા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી સતત લોકો વચ્ચે રહીને અને પોતાના વિસ્તાર દાણીલીમડામાં કામ કરી રહ્યાં છે. પોતાની કાર્યશેલીની આગવી ઓળખના લીધે દાણીલીમડાના તમામ વર્ગના લોકોને ઉપયોગી થતા આવ્યા છે. દાણીલીમડા વિસ્તારમાં ભાજપ મૃતપ્રાય છે. અમદાવાદ શહેર કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી પર રાજકીય કિન્નાખોરી દાખવીને ભાજપ દ્વારા રાખીને આ ષડયંત્ર રચવામાં આવ્યું છે.

અમદાવાદ શહેર યુવા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી ઉપર ખોટી ફરીયાદ છે અને તેમની રાજકીય યુવા કારકિર્દી ઉપર અસર થાય તે માટે આ રાજકીય રીતે ષડયંત્ર ભાજપના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે બે વ્યક્તિઓનો ઝઘડો થયો ત્યારે અમદાવાદ શહેર યુવા કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી ઘટના સ્થળે હાજર ન હતા અને પાછળથી બે માણસો વચ્ચે ઝઘડો થયો ત્યારે સમાધાન કરાવવા ગયા હતા એવા સમયે ઘટના સ્થળે ભાજપના કાર્યકર્તા પહોંચી જઈને ઈમરાન શેઠજી સાથે પણ અભદ્ર વર્તન કર્યું હતું અને તેઓની સામે રાજકીય કિન્નાખોરી રાખીને અને આ વિસ્તારમાં હાર ભાળી ગયેલી ભાજપ જાણે તેનો બદલો લેવાની ભાવના અર્થે સરકારના દબાણ હેઠળ પોલીસ ફરિયાદ નોંધી છે. આખી સમગ્ર ઘટના પોલીસ જાણે ભાજપની એજન્ટ બનીને કામ કરી રહી છે તેવું પણ જણાઈ આવે છે. આ સમગ્ર ઘટનાને ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ વખોડી રહ્યું છે.




તા.૧૧-૧-૨૦૨૫ શનિવાર સવારે ૯-૩૦ થી બપોર ૧-૦૦ દરમ્યાન અખબાર નગર સર્કલ નજીક આવેલ અખબાર નગર સોસાયટીના કોમન પ્લોટમાં નવાવાડજ વિસ્તાર ખાતે પતંગોત્સવની ભવ્ય ઉજવણી હર્ષોત્સાહભર મનોદિવ્યાંગ બાળકોનો સર્વાંગી વિકાસશીલ થાય તે માટે સતત કાર્યરત સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટે ગાયત્રી પરિવારનારણપુરા,સાથ સહકાર ફાઉન્ડેશન,અખબાર નગર સોસાયટી એસોસિએશન,વાલી,મિત્રો,આમંત્રિત મહેમાનો તેમજ નવાવાડજના કોર્પોરેટર શ્રીવાય.કે.પટેલ,શ્રીવિજયભાઈ પંચાલના સાથ સહકાર સહિતની ઉપસ્થિતમાં કરી હતી જેમાં હાજર સૌ મનોદિવ્યાંગ બાળકોને પતંગ-૧૦,દોરીફીરકી-૧ ,કીલો-૧ મીક્ષ સ્વાદિષ્ટ તલ-શીંગ ચીક્કી,મમરાના લાડુની કીટ આપવામાં આવી હતી તથા સૌ મનોદિવ્યાંગ બાળકો આમંત્રિતોએ સમૂહમાં સ્વાદિષ્ટ ભોજનમાં મધુર ગરમાગરમ ઉધિયું,જલેબી,પુરી,પાપડ,મીક્ષભજીયાની લિજ્જત માણી હતી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સૌએ સાથ સહયોગ સહકાર આપ્યો તે માટે સંસ્થા સંચાલક શ્રીચંદ્રસિંહ ચૌહાણે આભાર વ્યક્ત કર્યો હતો જીવનમાં મનોદિવ્યાંગ બાળકોને ખુબજ ખુશાલ ભાવ વિભોર ઉત્સાહિત જોવાનો લ્હાવો પણ એક અનેરો આનંદ માણવાનો મોકાનો પ્રસંગ છે.

# ડાંગ જિલ્લાની 'સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આહવા' ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી કરાઇ



: આહવા: સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આહવા ખાતે શાળાના આચાર્ય શ્રી અમરસિંહ ગાંગોડાના માર્ગદર્શન હેઠળ તારીખ ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે તારીખ ૧૧ ના રોજ શાળામાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત શાળાના શિક્ષક શ્રી રાજેશ રાવલે સ્વામી વિવેકાનંદના આદર્શો તેઓએ યુવાનોને આપેલા ઉપદેશો તેમ જ તેમના જીવન વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. આ સાથે નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શાળાના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબરે ચૌધરી પ્રતીક્ષાબેન રવિન્દ્રભાઈ, દ્વિતીય નંબરે ચૌધરી અંજલી કુમારી દેવરામભાઈ, તૃતીય ક્રમે જાવિદ શીતલબેન શૈલેષભાઈ જયારે વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે દેશમુખ દર્શનભાઈ, દ્વિતીય નંબર ભાવિક કપિલાબેન છગનભાઈ તેમજ તૃતીય નંબર ભાગુલ કરણ આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના જેમલભાઈ વસાવા મેહુલભાઈ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી આર.એસ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મકરસંક્રાંતિ નિમિત્તે ગૌ માતાને પૌષ્ટિક લાડુ ખવડાવીને પુણ્ય પ્રાપ્ત કરીએ

ગાયો માટે પૌષ્ટિક લાડુ બનાવવાની સામગ્રી અને રીત

ગોળ ૨ કિલો, જવ ૫ કિલો, ચણા ૧ કિલો, જુવાર ૧ કિલો, બાજરો ૧ કિલો, ઘઉંનું ભૂસુ ૨ કિલો, મગ ૧ કિલો, ઘઉંના દલીયા ૧ કિલો, ખનીજ મિશ્રણ- મિનરલ મિક્સચર ૧ કિલો, મેથી ૧૦૦ ગ્રામ, તલ ૧૦૦ ગ્રામ, શતાવરી ૧૦૦ ગ્રામ, ધાણા ૧૦૦ ગ્રામ, કાળું મીઠું ( સંચળ) ૨૦૦ ગ્રામ, સમુદ્રી - સાદું મીઠું ૧ કિલો, ત્રિફલા ૧૦૦ ગ્રામ, વરીયાળી ૫૦ ગ્રામ, જીરું ૫૦ ગ્રામ, સૂંઠ ૨૫ ગ્રામ, અજમા ૨૫ ગ્રામ, ઈલાયચી ૨૫ ગ્રામ આ બધુ મેળવી કુલ ૧૭ કિલો ગ્રામ થશે.

આ બધાને થોડા શેકીને જરૂર પુરતુ પાણી / ઘી/ તેલ ઉમેરી લાડુ બનાવવા અને ગૌ માતા ને ખવડાવવા.

# કડી કેમ્પસના ૧૧૬૫ વિદ્યાર્થીઓને ૨.૫ કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવી

કડી-ગાંધીનગર તા.૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર દ્વારા પૂર્વ ચેરમેનશ્રી સ્વ. માણેકલાલ. એમ. પટેલ (સાહેબ)ની ૧૩મી પુણ્યતિથિ નિમિત્તે કડી-ગાંધીનગરના ૧૧૬૫ વિદ્યાર્થીઓને ૨.૫ કરોડ રૂપિયાની સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમ કડી મુકામે યોજાયો હતો. જેમાં સંસ્થાના દાતાશ્રીઓ તથા ટ્રસ્ટ્રી મંડળના સભ્યોના હસ્તે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.વર્તમાન ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા પૂર્વ ચેરમેનશ્રી સ્વ. માણેકલાલ એમ. પટેલની સ્મૃતિમાં ૧૨ જાન્યુઆરી ૨૦૧૩ પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે ''માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ સ્કોલરશીપ'' તેમની સ્મૃતિમાં યોજવામાં આવે છે. સ્વ. માણેકલાલ સાહેબ સંસ્થાના મંત્ર 'કર ભલા હોગા ભલા'ના સાર્થક કરીને 'શિક્ષણ એ જ સાચી સેવા'ના સૂત્ર આપ્યું હતું. તેઓએ સર્વ વિદ્યાલય પરિવારને એક વટવૃક્ષ બનાવ્યું છે. પ્રેરણા સ્વરૂપે વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. આ સ્કોલરશીપને બે ભાગમાં વહેંચવામાં આવી છે. જેમાં મેરીટ આધારિત વિદ્યાર્થીઓને શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ સ્કોલરશીપ એનાયત કરવામાં આવે છે. જેની સંખ્યા આ વર્ષે ૪૨૩ છે. જ્યારે આર્થિક રીતે જરૂરત મંદ વિદ્યાર્થીઓને ''શ્રી માણેકલાલ એમ. પટેલ મીન્સ સ્કોલરશીપ'' આર્થિક સહાયરૂપે (ફી માફી) સ્કોલરશીપ એનાયત કરવામાં આવે છે જે વિદ્યાર્થીઓની સંખ્યા ૭૪૨ છે. આમ કુલ ૧૧૬૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૨.૫ કરોડની સ્કોલરશીપ સંસ્થાના દાતાશ્રીઓના હસ્તે એનાયત કરવામાં આવી હતી. આ અવસરે દાતાશ્રી ડૉ. વિઠ્ઠલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વલ્લભભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે આ સ્કોલરશીપની પ્રથા શરૂ કરવા બદલ અભિનંદન. સાથે તેઓએ સમાજને દિશા નિર્દેશ કરતાં જણાવ્યું હતું કે, વ્યક્તિમાં રહેલી વિદ્વતાને સમાજે ખૂબ જ મહત્વ આપવું જોઈએ. વિદ્વાનો અમર છે. જ્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે, છગભા દ્વારા આપવામાં આવેલ સૂત્ર 'કર ભલા હોગા ભલા'ના ઉદ્દેશ્ય સાથે શિક્ષણ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. માણેકલાલ સાહેબે આ સૂત્રને આત્મસાત કરીને ચરિતાર્થ કર્યું છે. આજે ૧૦૫ વર્ષે પણ આ સંસ્થા તેજ ઉદ્દેશ્યો સાથે આગળ વધી રહી છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, જે સંસ્થા પોતાના હેતુઓ અને ઉદેશ્યોને જાળવી આગળ વધે છે તે સંસ્થા જ સમાજમાં જળવાઈ રહે છે.

આ સાથે વલ્લભભાએ ઉમેર્યું હતું કે, આ વર્ષથી સંસ્થાના દાતાશ્રી વિઠ્ઠલભભાઈ પટેલના હસ્તે હ્યુમનિટી એન્ડ સોશ્યલ સાયન્સ માટે' અનિતા અડકે સ્કોલરશીપ' અને સાયન્સ એન્ડ ટેકનોલોજી માટે 'મિહિર પટેલ સ્કોલરશીપ' વિદ્યાર્થીઓને આપવામાં આવશે. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણા મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખશ્રી, મનુભાઈ જે પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પટેલ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખશ્રી ડૉ. મણિભાઈ પટેલ, દાતાશ્રીઓમાં ભગુભાઈ પટેલ, ડૉ. વિઠ્ઠલભભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, શંકરલાલ પટેલ, અરવિંદભાઈ પટેલ, ડૉ.કે.સી. પટેલ, પારૂલબેન સંજયભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ, નયનભાઈ પટેલ, અમ્બરભાઈ પટેલ, સહિત સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, કોલેજના ડાયરેકટર, આચાર્ય, પ્રાધ્યાપગણ, કર્મચારીગણ સહિત વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

(૨૦૨૫થી સંસ્થાના દાતાશ્રી વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા માનવવિદ્યા અને સમાજવિદ્યા ક્ષેત્રમાં 'અનિતા અડકે સ્કોરશીપ' જે હ્યુમનિટી એન્ડ સોશ્યલ સાયન્સના વિદ્યાર્થીઓન અને 'મિહર પટેલ સ્કોરશીપ' જે સાયન્સ એન્ડ ટેકનોલોજી પર વિદ્યાર્થીઓને આપવામાં આવશે.)

# ચૈતન્ય સ્કૂલ લેકાવાડા ગાંધીનગર મુકામે સ્વામી વિવેકાનંદની ૧૬૨ મી જન્મ જયંતી નિમિત્તે મેરેથોન (મીની) વોક - દોડ યોજાઈ

ચૈતન્ય સ્કૂલ લેકાવાડા ગાંધીનગર મુકામે સ્વામી વિવેકાનંદની ૧૬૨ મી જન્મ જયંતી નિમિત્તે મેરેથોન (મીની) વોક - દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં તારીખ ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ ના જન્મદિવસને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રના યુવાઓ માટે પ્રેરણાદાઈ રહ્યા છે. વિશ્વ વિભૂતિ શ્રી સ્વામી વિવેકાનંદની ૧૬૨ મી જન્મ જયંતી ની પૂર્વ સંધ્યાએ ચૈતન્ય સ્કૂલ દ્વારા એરાઈજ , અવેક એન્ડ રિયલાઈજ ધ પાવર યુ હોલ્ડ થીમ ઉપર મેરેથોન (મીની) દોડનું આયોજન તા.૧૧ મી જાન્યુઆરી,૨૦૨૫ ના રોજ કુડાસણ ખાતેથી કરવામાં આવ્યું હતું.




ચૈતન્ય સ્કૂલ દ્વારા આયોજિત મેરેથોન (મીની) વોક - દોડનો આરંભ અરબેનિયા સર્કલ કુડાસણ ખાતેથી કરવામાં આવ્યો હતો. આ દોડ કુલ ૪.૩૦ કિલોમીટરની રહી હતી. સરગાસણ ખાતે આ દોડ પૂર્ણ થઈ હતી. આ વર્ષની થીમ: એરાઈજ, અવેક એન્ડ રિયલાઈજ ધ પાવર યુ હોલ્ડ -ને શાળાના મેનેજમેન્ટ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા આબેહૂબ રીતેપૂર્ણ કરાયેલ. વિવેકાનંદજીના સિદ્ધાંત થી યુવાપેઢીને પ્રેરણા બળ આપવાનો આ નમ્ર પ્રયાસ કરાયેલ છે.

ચૈતન્ય સ્કૂલ દ્વારા આયોજિત મેરેથોન(મીની) દોડ ઉજવણીમાં શાળાના ડાયરેક્ટર શ્રીમતી એલિઝાબેથકોશી, ટ્રસ્ટી શ્રીમતી નલીની સુબારાવ અને શાળાના ટ્રસ્ટીગણ (સિનિયર નિવૃત્ત આઈએએસ/આઈપીએસ અધિકારીશ્રીઓ)તથા મુખ્ય વહીવટી અધિકારીશ્રી નિપુલ ઠાકર, આચાર્ય શ્રીમતી સ્વાતિ માટ્ટા, શિક્ષકશ્રીઓ અને શાળા પરિવારના સર્વે ભાઈ બહેનો મેરેથોન(મીની) દોડમાં ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા.



ભારત વિકાસ પરિષદ હિંમતનગર શાખા દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિતે એચ આઇ વી ગ્રસ્ત ૩૦ બાળકોને પતંગ અને ચીકીનું વિતરણ કરવામાં આવ્યું જેમાં સિવિલ સર્જનશ્રો, સિવિલનાસિનિયર ડૉ.વિપુલભાઈ જાની, ભારત વિકાસ પરિષદ મહિલા સંયોજિકા અર્ચનાબેન ભટ્ટ, સહ સંયોજિકા અરૂણાબેન કડિયા, દિપ્તીબેન વખારિયા, હંસાબેન પિત્રોડા, પરિક્ષિતભાઈ વખારિયા, સર્વાનંદભાઈ ભટ્ટ, વિહાન કેર સેન્ટરના પ્રીતિબેન બારોટ, અનિલભાઈ રાઠોડ તેમજ સ્ટાફ, બાળકો અને વાલી હાજર રહ્યા હતાં.

# વાંકાનેર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ડે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

વાંકાનેર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તા. ૧૧/૦૧/૨૦૨૫ થી તા. ૧૨/૦૧/૨૦૨૫ (શનિવાર અને રવિવાર) દરમિયાન વઘાસિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ડે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં વાંકાનેર તાલુકાનાં શિક્ષકોના બે ગ્રૂપની કુલ ૬ ટીમ વચ્ચે ૬ લીગ મેચ, ૨ સેમી ફાઈનલ મેચ અને ૧ ફાઈનલ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૧/૦૧/૨૦૨૫, શનિવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે વઘાસિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે જસદણ સિરામિક ગ્રૂપના માલિક શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, વાંકાનેર તાલુકા પંચાયતના



પૂર્વ પ્રમુખ શ્રી ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાતીદેવળીના મહાવીરસિંહ ઝાલા, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાળા, મહામંત્રી શ્રી નજરુદ્દીનભાઈ માથકિયા, મોરબી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યાધ્યક્ષ શ્રી દેવરાજભાઈ રબારી, મોરબી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ શ્રી ભાવેશભાઈ વાઘેલા, વાંકાનેર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મીડિયા મંત્રી શ્રી ધવલભાઈ મહેતા સહિત અનેક શિક્ષકો અને સી.આર.કો.ઓ.શ્રીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય દ્વારા ડે ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું

## જાહેર રજા

**આવતી કાલે તારીખ ૧૪-૧-૨૦૨૫ ના રોજ ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક અખબાર કાર્યલય ઉત્તરાયણ નિમિતે સંપૂર્ણ રજા પાળશે જેથી તારીખ ૧૫-૧-૨૦૨૫ના રોજ અંક પ્રસિધ્ધ થશે નહી. જેની સર્વે વાંચક મિત્રો, વિજ્ઞાપન દાતાઓ વિતરકોએ નોધ લેવા વિનંતી**

**વ્યવસ્થાપક**

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No..73**
વિષય..ઉત્તરાયણ. પ્રકાર..ગદ્ય. શબ્દો.૧૫૫. શીર્ષક..રંગબેરંગી.

આકાશ આખું રંગબેરંગી હતું કોણ ક્યાંથી પતંગ ઉડાવે છે એ કોને ખબર કોણ કોની કાપે છે એ કોને ખબર પણ જે કાપે છે એ આનંદ લે છે કાપ્યો છે એવી બુમો પાડે છે બધાને આનંદ છે પતંગ કપાયા નો ને કાપ્યાનો
એ હવામાં લહેરાતો પતગ આપણને શીખવાડે છે કે હું કાયમ નથી લેહરવાની મને પણ કોઈ કાપશે જ્યાં સુધી પવન તમારી તરફેણ માં હોય ત્યાં સુધી તમારો પંતગ હવામાં ઉડશે બસ માણસનું પણ એવુંજ છે જયાં સુધી તમારી તરફેણમાં બધું હોય ત્યાં સુધી તમારા જીવનનો પતગ હવા માં
આપણે શીખવાનું છે કે આપણું જીવન પણ પંતગ જેવું આપણી દોર પણ ઈશ્વર ના હાથમાં છે છતાંય રંગ બે રંગી આકાશ ને જોવાનું ને એના જેવું જીવવાનું દરેકનું સ્વપ્ન હોય છે.
નયના પટેલ..નૈન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.201**
વિષયઃ ઉત્તરાયણ,મકરસંક્રાંતિ.
શીર્ષકઃ તહેવાર મનાવીશું.
પ્રકાર : પદ્ય શબ્દો : ૬૩

આનંદ અને ઉલ્લાસનો તહેવાર મનાવીશું,
સ્નેહ અને લાગણીથી દિલડાં છલકાવીશું.

તલ ને ગોળની મીઠાશ માણીશું મનભરીને,
મધુર વાણીથી આપ્તજનોનાં મન જીતીશું.

રંગબેરંગી પતંગોથી સજ થશે આસમાન,
સાથ અને સહકારથી સંબંધો શણગારીશું.

પતંગ જેમ ઉડતો જાય ઢીલ અને ખેંચથી,
સંયમ ને સમજદારીથી સંબંધો નિભાવીશું.

એકબીજાની પતંગ સંગાથે પેચ લડાવીને,
ઈર્ષ્યા,નફરત ને બદલાની ભાવના કાપીશું.

ઢળતી સંધ્યાએ કાનસ આભમાં છોડીને,
મુશ્કેલીમાં હમદર્દીનો વ્યવહાર નિભાવીશું.

??પૂર્વી સુનીલ પટેલ."ઈશાની"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : મકરસંક્રાંતિ
શીર્ષક : લાલ રંગ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૨૪૩

વહેલી સવારનું રંગબેરંગી આકાશ સાંજ પડતા પડતા આખી ધરતીને લાલ પીળા રંગથી ધોળી નાખે છે. અને કદાચ એ રંગ સદાય માટે રહેતો હોય તો હુંય રંગી નાખું, પણ બીજી સવાર પડતામાં તો આખી ધરતી ને આખુંય આકાશ હતું એવું થઈ જાય છે. એ રંગ કાયમ માટે રહેતો નથી. ઉતરી જાય છે. પરંતુ જો પતંગ અને દોરીમાં ખર્ચેલ એ હજારો રૂપિયાના રંગથી કોઈ ગરીબ કે જરૂરિયાતમંદ વ્યક્તિની છુપાઈ ગયેલી ખુશીને રંગવામાં આવે તો એ કદાચ ઘણા લાંબા સમય સુધી એ ચહેરા પર ચમક્યા કરે છે. ના સમજ છોકરાઓ કરે તો ઠીક છે પણ આખું વર્ષ કમાવામાં મહેનત કરીને એકજ દિવસમાં ઉડાડી દેવું કેટલું યોગ્ય છે. હા પણ આખું વર્ષ કોઈને જાહેરમાં કઈ પણ કહી ના શક્યા હોય તો બને કે એની પતંગ કાપીને બદલો વાળી લેવાય. પોતાના અહમ, અભિમાન, ગુસ્સો, અદેખાઈ, ઈર્ષા વગેરેના પતંગો હોય તો ઢીલ મૂકીને કપાવી લેવાય પણ આખું વર્ષ આંગણામાં રોજ સાંભળવા મળતા પંખીઓના મીઠા ટહુકા એ.... કા... પી... એ... ગ... ઈ... ના અવાજમાં એવા દબાઈ જાય છે કે કેટલાય સમય સુધી સાંભળવા મળતા નથી. એના માટે જવાબદાર કોણ!?
ગંભીરતા પૂર્વક નોંધ લેવામાં આવી છે કે, ભારતમાં વસતા કેટલાક ચીનીઓ પોતાના દેશમાંથી લાવેલ સ્પેશિયલ ચાઈનીઝ દોરીઓથી આખા આકાશને વીંધવા લાગે છે. ને સાંજ પડતા સુધીમાં તો આખીય ધરતીના પારેવા વીંધાઈ જાય છે. પારેવા ઉપરાંત અન્ય વ્યક્તિઓ પણ ઘવાઈ જાય છે, કોઈક તો મૃત્યુ પણ પામે છે. એના મૂળભૂત કારણો એવા એ ચીનીઓને કાળા રંગમાં લપેટીને પાછા ચીનમાં મોકલી દેવા છે. બસ કાયદો હાથમાં આવે એટલી વાર. પણ દુવિધા એવી છે કે, એ ચીનીઓને કાયદો નડતો નથી, ને મને કાયદો ઝડતો નથી. બસ બધાને પોતાનો ફાયદો જ જડે છે.
શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 188**
વિષય : ઉતરાયણ શીર્ષક : પતંગ
પ્રકાર : પદ્ય શબ્દો : ૬૪

"વ્યોમ" પર ઊંચે, લહેરાતો જાય પતંગ;
જીવવાની રીત, સમજાવતો જાય પતંગ;

પહોંચો ભલે ઊંચે પણ રાખો પગ ધરા પર,
કેટલી સરસ વાત? બતાવતો જાય પતંગ;

ભિન્ન છે રંગ ને આકાર, છતાં બધાં એક,
એકતાનો એકડો, ઘૂંટાવતો જાય પતંગ;

હોય એકલું ગગને તોય રહે સદા મસ્તીમાં,
જિંદગીને માણતાં, શીખવાડતો જાય પતંગ;

કરૂણતા છે કેવી? ગળે મળે એજ કાપે ગળાં,
જીવનનો ગૂઢ પાઠ, ભણાવતો જાય પતંગ;

નામઃ-?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO -174**
પ્રકારઃ- પદ્ય (ગઝલ)વિષયઃ- મકરસંક્રાતી
શિર્ષક :- પતંગ શબ્દોઃ- ૮૦

ગોથા મહી અથડાઈને ચગ્યો પતંગ,
આ ભીડની દુનિયા મહી લડ્યો પતંગ.

ઉડ્યો અને નાચ્યો ઘણો ખૂબ હોંશમાં,
પળભર ખુશીની લ્હાયમાં મલક્યો પતંગ.

ઊંચે ગયો તો આભ સાથે આથડી,
સરસર કરી કો ગર્વમાં ગરજ્યો પતંગ.

બાંધ્યો હતો પાકા સુરતના દોરથી,
તોયે પતંગી જોઈને લપસ્યો પતંગ.

શૂરવીરતાથી ખૂબ લડ્યો પણ આખરે,
મુજ નામના કાજે શહિદ બન્યો પતંગ.

શું હોય એનું અસ્તિત્વ આકાશમાં,
અંતે તુટીને ધૂળમાં ભર્યો પતંગ.

આ જિંદગી પણ છે પતંગ સમ "શાંતિ",
બેચાર પળના શ્વાસથી ભર્યો પતંગ. શાંતિલાલ કાશિયાણી"શાંતિ" ( ધ્રોલ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 0088**
વિષય : ઉત્તરાયણ
શીર્ષક : આકાશે આંબવું છે
પ્રકાર : પદ્ય - શબ્દો : ૮૦

હોય જોજન ઊંચું આભ ભલે; આંબવું છે.
રાખ્યાં છે અરમાન ઊંચાં; ઉડીને પામવું છે.

બનું કનકવો એવો કાબેલ; નભે ઉડવું છે.
ગોથાં ખાઉં, ઝાંખરે ભરાઉં ના જરી ડગવું છે.

મુસીબતોને મારીને વિશાળ વ્યોમે ઉડવું છે.
પદ- પ્રતિષ્ઠા પામવાના પેચ સતત છો લાગે!

છોડી સઘળો મોહ પદોનો નભ મંડળે રમવું છે.
ધ્રુવતારકના ખોળે બેસી અચળ સ્થિર થાવું છે!

કાયા મારી કાગળ જેવી છો રહી હો નબળી;
ઈશના મજબૂત માંજે સામા પ્રવાહે ઉડવું છે.
ડૉ. મનીષા વ્યાસ ..અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- ★મકરસંક્રાંતિ - ઉત્તરાયણ★
શીર્ષક-"★આનંદનું શુભ પર્વ★"
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૫

મકરસંક્રાંતિનું પર્વ ઉત્તરાયણ તરીકે પણ પ્રચલિત છે. આપણે સહુ જાણીએ છીએ તેમ મકરસંક્રાંતિ એટલે સૂર્યનું કુંભ રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરવાનું શુભ પર્વ. આ સંક્રાંતિનું ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ પણ ખૂબ મહત્વ છે કારણકે આ દિવસથી સૂર્યનું ઉત્તર તરફ આયન શરૂ થાય છે. તેથી આ પર્વને ઉત્તરાયણ કહેવાય છે. અવકાશમાં રચાતા ગ્રહોના સ્થાન અને યોગને ધરતી પરના મનુષ્ય માટે શુભ અને ઉન્નતીકારક માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ઉત્તરાયણ બાદ સારા પ્રસંગોએ દેવોની ઉપસ્થિતિ રહે છે તેથી જ ઉત્તરાયણ બાદ શુભ પ્રસંગોની શરૂઆત થાય છે. ઈચ્છા મૃત્યુનું વરદાન ધરાવતા ભીષ્મપિતામહ પણ બાણશય્યા ઉપરથી પોતાનો દેહત્યાગ કરવા મકરસંક્રાંતિનો શુભ દિવસ પસંદ કરે છે. મકરસંક્રાંતિ ઉપર દાનધર્મનો પણ ખૂબ મહિમા છે અને ઘણા જરૂરિયાતમંદ અને ગરીબોને ગુપ્ત દાન કરે છે.

ઉત્તરાયણના પર્વની ઉજવણી દેશના જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી રીતે થાય છે. દક્ષિણના રાજ્યોમાં પોંગલની ઉજવણી થાય છે જ્યારે ઉત્તર ભારતમાં લોહરીનો ઉત્સવ મનાવાય છે. આ બધું જ આવનાર દિવસોમાં લેવાનાર નવા ખાદ્ય પાક અને માણસોની સર્વાંગી ખુશાલી અને ઉન્નતિની અપેક્ષાએ કરવામાં આવે છે. વસંતના આગમનના વધામણા થાય છે અને રવિ પાક માટેની તૈયારીઓ થાય છે. સૃષ્ટિના રચયિતાને યાદ કરીને તેની પૂજા થાય છે. ગુજરાતનો આ અત્યંત માનીતો તહેવાર છે. ગુજરાતમાં પતંગ ઉત્સવ એ ઉત્તરાયણનો પર્યાય બની જાય છે. નાનાથી મોટા સૌ આબાલવૃદ્ધ આ પતંગ ઉત્સવનો ભરપૂર આનંદ લે છે.

ગુજરાતીઓને મન ઉત્તરાયણ એટલે પતંગોનો મહાઉત્સવ. ભરપૂર આનંદ, ધમાલ, મસ્તી અને ખાવા પીવાનો અનેરો આનંદ નાનાથી માંડીને મોટા સહુ લુંટે છે. ઉત્તરાયણને દિવસે વહેલી
આભાર - નિહારીકા રવિયા સવારથી પતંગ અને દોરીની ફીરકી સાથે લોકો ઘરની અગાસી ઉપર પહોંચી જાય છે અને પોતપોતાના પતંગ હવામાં ઊંચે લહેરાવે છે. 'એ કાઈપો'ના અવાજથી વાતાવરણ ગૂંજી ઊઠે છે. પરિચિત અપરિચિત સહુ આ દિવસે એકબીજા સાથે મજાક મસ્તી સાથે પતંગના પેચ લે છે. આખું આકાશ રંગબેરંગી પતંગોથી ભરાઈ જાય છે. બપોરે આખું કુટુંબ મિત્રવર્તુળ સાથે ઊંધીયા જલેબીની જયાફત માણે છે. આખો દિવસ અગાસી ઉપર તલસાંકળી, શેરડી અને બોર ખવાય છે. આ મોસમમાં શરીરમાં ગરમી લાવવા માટે તલનો ઉપયોગ ફાયદાકારક થાય છે એવું મનાય છે.

આમ ઉત્તરાયણ એટલે સૂર્યદેવતાના ઉત્તરાગમનને વધાવવાનો અને જીવનમાં આનંદના નવા રંગ ભરવાનો મહાઉત્સવ.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**
વિષયઃ"ઉત્તરાયણ, મકરસંક્રાંતિ,
શબ્દ-૩૦૬શીર્ષક-"ભાનુના ભર્ગની વાગી ઘડીઓ"

"ઉત્તરાયણ થયા, ઉત્તરે રવિ વળ્યા! ભાનુના ભર્ગની વાગી ઘડીઓ.."
તળપદી "અમદાવાદી બોલી"માં,
સવારના પહોરમાં
"આયે એઈલા"!એ ધાબે ચલને લ્યા."... જુવાનીયાઓ, બાળકોની ચિલ્લમચિલ્લી સંભળાય!
એ...ને ..સવારથી સાંજ સુધી,ઘોંઘાટનો માહોલ ઉત્સાહની ચીચીયારીઓ.ઉત્સાહમાં એવા તો ઘેલા થઈ જાય લોકો કે ભાન ભૂલી જાય, ક્યાં ઊભા છે? કેવી રીતે ઊભા છે!.? વાંદરાઓની જેમ એક છાપરેથી બીજા છાપરે કૂદાકૂદ!જાણે લૂંટાઈ જતા હોય તેમ એકએકપતંગમાટે..બૂમરાણ,ધમપછાડા.
પણ એ માહોલ,ખુલ્લાં આકાશમાં રંગીન પતંગોથી,આનંદની રંગીનિયતની છોળો ઉડાડતો જુવાનીયાંઓની મોજ/મસ્તીથી ઊછળતા, સૂરજ દેવતા પોતાનો પરચો બતાવવાનું શરૂ કરી દે છે.ગરમી શરૂ થઈ જાય,એટલે માથામાં ટોપલા,આંખે ગોગલ્સ. ધાબે ઠંડા પહોરે પહોંચી ગયેલ, બપોર પડતાં આકાશમાં ચગતાં,પતંગથી આખું આકાશ ભરચક્ક. પતંગનું લશ્કર આપણા ઉપર ક્યાંથી ચઢાઈ કરવા આવી પૂગ્યું "કા..ઈ પો છે"ની ચીચીયારીઓ સંભળાય ત્યારે તો એમજ થાય કે ચોક્કસ કોઈ કપાઈ ગયું.! સમાજ,સાહિત્ય,ઈતિહાસ,ભૂગોળ કે ધર્મ,બધાને સંક્રાંતિ છે. કોઈ પણ ધર્મ કે પ્રાંતના સીમાડાઓનું બંધન નથી.સૌ આ ઉત્સવ બહુજ આનંદથી ઉજવે છે. "સંક્રાંતિ"એટલે એક માંથી બીજામાં જવું. મકરસંક્રાંતિના દિવસે સૂરજ,ધન માંથી મકર રાશિમાં પ્રવેશે. ઉત્તરાયણથી સૂરજના કિરણો સ્વાસ્થ્ય શાંતિ વધારે.
ભીષ્મ પિતામહનો દેહત્યાગ, ભીષ્મપિતામહનાં
મા ગંગાજી,
ભગીરથ પાછળ જઈને, કપિલ મુનિના આશ્રમ સુધી પહોંચ્યાં હતાં.!
ઉત્તરાયણ વિષે ખૂબ વાતો પ્રચલિત છે. આકાશમાં બીજાની પતંગો સાથે પેચ લડાવતાં,
પતંગ કાપી બાળકની જેમ ચિલ્લાતાં ખુશી અનુભવતાં જોઈ,
પતંગ ચગાવી
આનંદ મેળવવી.
શરૂઆત એટલે મકર સંક્રાંતિ.
હકીકતમાં આ એક ખગોળીય ઘટના છે.
સુભટના શુકનની વાગી ઘડિયો..
ખેત ખલિહાન અનાજથી લથબથ થતાં હોય! સૂરજ દેવ ધનુ રાશિમાંથી મકરમાં પ્રવેશતા હોય અને પોતાનાં તેજનો પરચો બતાવતા હોય. દિવસ ના અજવાળાંમાં વધારો થતો રહે..
અને આખા એશિયામાં ખેડૂતો ગીતો લલકારતા લણણી કરે. શેરડી,ગોળ,તલની ઉજાણી કરે!
મકરસંક્રાંતિ એટલે આનંદનો તહેવાર.
શુકનની શરૂઆત.
મુક્તિદા કુમાર ...રુપલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 373**
વિષય : ઉતરાયણ
શીર્ષક : રૂડી ઉતરાયણ
પ્રકાર : પદ્ય શબ્દ : ૬૦

આવ્યો છે રૂડો ઉતરાયણનો તહેવાર,
સઘળું ભૂલી ચાલશે પ્રેમનો વહેવાર.

બાળકોને ખુશી મળશે આજે અપાર,
ઉતરી જશે તેમનો ભણતર કેરો ભાર,

રંગબેરંગી હશે સૌની પતંગોનો આકાર,
જે અનેકના સપનાઓ કરી દેશે સાકાર.

વાનગીઓ બનવામાં તો લાગશે હજુ વાર,
પતંગોથી આકાશનો નહીં આવે કોઈ પાર.

સૌ તહેવારો દેવા બદલ પ્રભુનો માનું ઉપકાર,
કરું હું તો નિત ઉઠી તેમના ચરણોમાં નમસ્કાર.

નિત નવીન તહેવારોથી રચ્યો છે તેમને સંસાર,
સૌ તહેવારોનો આપ્યો છે તેમને ખૂબ ઊંડો સાર.
રૂપલ દવે "રૂપ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 321**
વિષય. મકરસંક્રાતિ
શીર્ષક." પર્વ "
શબ્દ. ૨૧૦ પ્રકાર. ગદ્ય
મકરસંક્રાંતિ એટલે સુર્ય નું મકર રાશિમાં પ્રયાણ ભૌગોલિક મુજબ એ દિવસ પછી દિવસ લાંબો થાય અને રાત ટૂંકી અને ધાર્મિક રીતે જોવો તો ત્યાર પછી કમુર્તા પુરા થાય અને બધા શુભ પ્રસંગ કરવા માટે ની શરૂવાત થાય
ખાસ ગુજરાત મા એને "ઉતરાયણ " ના પર્વ તરીકે ઉજવણી કરવામાં આવે છે એટલેકે સૂરજ ઉત્તર દિશા બાજુ ફરવું સાથે મહાભારત ના યુદ્ધ પછી "ભીષ્મ પિતામહે" એજ દિવસે પોતાના ઈચ્છા મૃત્ય ના વરદાન થી દેહ ત્યાગ કર્યો એ દિવસે આકાશ રંગબેરંગી પતંગોથી છવાઇ જાય છે ઘરે ઘરે ઉંધીયું પૂરી અને જલેબી ની લિજ્જત માણવા માં આવે છે. બોર, શેરડી ,તલના લાડુ અને . મમરાના લાડુ બનાવી.મંદિરમાં દાન કરવામાં આવે છે .હજુ પણ નાના નાના ગામો મા આ રિવાજ ચાલ્યો આવે છે .
સાથે જો આયુર્વેદ અનુસાર માનવામાં આવે તો તલ એ કેલ્શિયમ નો સ્ત્રોત માનવામાં આવે છે અને એ ત્યારે ગુણ કરે જો સાથે વિટામિન ઢ મળે અને એટલેજ ધાબા કે અગાશી પરથી જ્યારે તલની ચીકી ખાતા સૂર્ય પ્રકાશ મા પતંગ રસિયાઓ પતંગ ચગાવે છે ત્યારે એમના શરીરમાં વિટામિન ઢ અને કેલ્શિયમ સંચિત થાય છે
આમ જોવા જઈએ તો આપણા દરેક તેહવાર જોડે કોઈ ને કોઈ ધાર્મિક ની સાથે વૈજ્ઞાનિક કારણ પણ જોડાયેલું હોય છે અને એટલેજ આપણો "ભારત" દેશ આટલો સમૃદ્ધિ થી છલોછલ છે

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 353**
વિષય મકરસંક્રાંતિ ને ઉત્તરાયણ
શીર્ષક - મકરસંક્રાંતિ નો મહિમા સૂર્ય ઉપાસના
પ્રકાર -ગદ્ય શબ્દો - ૩૫૦
મકરસંક્રાંતિ એટલે સૂર્યની ઉપાસના આરાધના કરવાનું પર્વ. સૂર્ય જે પ્રકાશિત છે.તેમણે દેવનું સ્વરૂપ માની એમની સૂર્યોપાસના અસ્તિત્વમાં આવી એટલે જ સૂર્યનારાયણની ઉપાસનાનું લોકપર્વ એટલે મકરસંક્રાંતિ છે.
સૂર્યનું મકર રાશિમાં પ્રયાણ જે શુભ છે.જેની સાથે ઘણી ધાર્મિક કથાઓ જોડાયેલી છે. સૂર્ય એ આપણા જીવનમાં સ્વસ્થ- તંદુરસ્તી - રોગમુક્ત રાખે. ધર્મ શાસ્ત્રો પ્રમાણે જોઈએ તો કર્ક રાશિમાં સૂર્ય નું મકર રાશિમાં વિચરણ કે પ્રવેશ કરવો એટલે એને સંક્રાંત કહે જેથી આપણે મકરસંક્રાંતિ કહીએ છીએ.
સૂર્ય દક્ષિણાયન થી ઉત્તર તરફ ગતિ કરે એટલે ઉતરાયણ કહેવાય છે. એટલે દિવસ લાંબો થાય ને રાત્રી ટુંકી થાય જ્યાં સૂર્યનું આધિપત્ય થાય. ઠંડીનું પ્રમાણ ઓછું હોય ને શરીરમાં ઘણા ફેરફારો થાય એટલે શરીરને સૂર્ય થી મળતા લાભ માટે આપણે ઘરની અગાસી પર ચડી ને પતંગ ચલાવીએ છીએ.
ઠંડીના લીધે કફ નો પ્રકોપ હોય એટલે આપણે સૂર્યના તાપથી શરીરનો એ કફ ઓછો થાય ને શરીરમાં નવી તાજગી આવે એટલે પતંગ સાથે આપણે સૂર્યની નવી ઉર્જા ને ગ્રહણ કરીએ છીએ.
તલ ને ગોળથી બનેલી વસ્તુઓ આપણને શરીરમાં નવી તાજગી આપે પતંગ ચગાવી આપણને એવો સંદેશ મળે કે આપણા જીવનમાં આપણી દોર શ્ર્વાસ ની દોર પ્રભુના હાથમાં છે. એટલે પતંગ બની આપણે પ્રભુ તરફ પ્રયાણ કરીએ ને જો સંસારના ખોટા વિષયમાં ફસાયા તો પછી એ દોર તૂટી જાય ને આપણે પછી એ પ્રભુના તરફ પ્રયાણ કરી શકીએ નહીં.
દાન,પુન્ય નો પણ આ દિવસે ઘણો મહિમા હોય છે.પહેલાંના સમયથી આપણે સૂર્યની ઉપાસના કરતા આવ્યા છીએ. સૂર્ય મંદિરો પણ છે. એનો પુરાવો આપે છે. એ દિવસે સૂર્ય ની સામે પતંગ ચગાવી આપણે સૂર્ય સ્નાન કરીએ સાથે આપણે મિત્રો સાથે એ ઉત્સવને ઉમંગ સાથે ઉજવીએ તથા જીવનમાં ઉડતા પતંગ થી નવી શીખ લઈને એનો જીવનમાં અમલ કરીએ.
મકરસંક્રાંતિ નું ઘણું મહત્વ છે.આપણા ધર્મ શાસ્ત્રો પ્રમાણે ઋતુના તહેવાર પ્રમાણે આહાર,ખાદ્ય પદાર્થો વગેરે શરીરને નવી ઊર્જા આપે તથા આયુર્વેદ ની દષ્ટિએ તલ એ પૌષ્ટિક છે એના લાડુ
બનાવી એને આરોગીએ જેથી ઠંડીના લીધે રુક્ષ ને શુષ્ક ત્વચાને સ્નિગ્ધ સુંવાળી બનાવે છે.
તિલ ગુડ એકબીજાને ખવરાવી જીવનમાં મીઠાશ આવે એવી સૌ લોકો સાથે વ્યવહાર બને એટલે તિલ ગુડ ખાવો ગુડ ગુડ બોલો એવી વાત થાય. જીવનમાં આ પતંગ ઉત્સવ સાથે નવો સંદેશ લઈને જીવનમાં નવા લક્ષ્ય સાથે જીવીએ એવી સૌને શુભેચ્છાઓ ને મકરસંક્રાંતિની ખુબ ખુબ શુભેચ્છાઓ.
લિ- સોલંકી પ્રકાશકુમાર.એમ."એકાંત""વૈરાગી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS No. : 0141***
★વિષયઃ "ઉત્તરાયણ"★
★શીર્ષકઃ "સધિયારો!"★
★પ્રકારઃ પ્રણયકથા★ ★શબ્દો : ૩૫૦★

હંમેશની જેમ અનિમેષ હમમ્ બોલી કામમાં ડૂબી ગયો. એણે નિશાને આપેલ ઉત્તરાયણ ટાણેનો વદાડ પૂર્ણ થવામાં હતો. તેમનો પવિત્ર પ્રેમ ત્રણ માસથી નિશાના ગર્ભમાં અંકુરાઈ રહ્યો હતો. પેટ સહેજ સહેજ ઉપસતું જતું હોવાથી નિશા વધુ સમય વાત છુપાવી શકે તેમ નહોતી.

બંને રોડ બનાવતી કંપનીમાં નોકરી કરતાં હતાં. નિશા મેનેજર હતી, અનિમેષ સુપરવાઈઝર. નિશા કંપની તરફથી સોંપવામાં આવેલાં તમામ કામ ઉત્તમ રીતે પૂર્ણ કરતી હતી તેમાં અનીમેષની સખત મહેનત કારણભૂત હતી. સુપરવાઈઝર અનિમેષ તેના હાથ નીચેના કર્મચારીઓ પાસેથી, એના સેવાભાવી, વિવેકી, મળતાવડા અને મદદરૂપ થવાના સ્વભાવથી ધાર્યું કરાવતો હતો.

કંપનીને શહેરમાં, અતિ ગીચ વિસ્તારમાં રોડ પહોળો કરવાનું કામ ત્રણ માસમાં પૂરું કરવાની શરતે મળ્યું હતું. સદર કામના સ્થળે ટ્રાફિકની સમસ્યા વિકટ હોવાથી ટૂંકા ગાળામાં તે પૂર્ણ કરવું અશક્ય હતું પણ નિશાને અનિમેષ પર પૂર્ણ વિશ્વાસ હતો. અનિમેષે પણ રાતદિવસ મહેનત કરીને તે કામ દસ દિવસ વહેલાં પૂર્ણ કરી લીધું હતું.

નિયત સમય કરતાં વહેલાં, આવાં ઘણાં કામ પૂરાં થયાં હોવાથી તથા કામના સ્થળે અનિમેષના તમામ કર્મચારીઓ સાથેના સહૃદયી વ્યવહારથી નિશા આકર્ષાઈ. બંને પ્રેમમાં પડ્યાં. બંનેએ લગ્ન માટે પોતપોતાના પરિવારમાં વાત કરી. અનિમેષના પરિવારજનો હર્ષિત હતાં પણ નિશાના કુટુંબીજનો સંમત નહોતાં. એમને અનિમેષ ફક્ત સામાન્ય કર્મચારી, વેઠીયો કામદાર લાગતો હતો.

પોતાના પરિવારની નારાજગીથી ચિંતિત નિશાને અનિમેષે ઉત્તરાયણ સુધીમાં સૌને મનાવી લેશે એમ સધિયારો આપેલો. સૌની સંમતિથી જ લગ્ન કરીશું એમ વચન આપેલું.

અનિમેષ, મને આજે કંઈક અલગ લાગણી થાય છે. ઉત્તરાયણ આવી ગઈ અને તેં કહ્યું હતું, એમ હજી કશું થયું નથી. બોલ હવે શું? હજી વધારે સમય રાહ જોવાનું કહેતો નહિ! મને ધીરજ નથી. તું સાંભળે છે ને? કે પછી રોજની જેમ કામમાં ડૂબી ગયો? તારા આશ્વાસનથી તો તોબા, તોબા! જવાબ આપ હવે? મારા પરિવારને મનાવ્યો કે નહિ? - નિશા સાગમટે કેટલાય પ્રશ્ન કરી રહી.
નિશા, તને જે અલગ લાગણી થાય છે તે સાચી છે. આ ઉત્તરાયણ પર તારા ધાબા પર અમો સૌ પતંગ ચગાવવા આવવાના છીએ. તારો ભાઈ કીન્યા બાંધશે, તું ફિરકી પકડજે, તારી મમ્મી આપણને તલસાંકળી ખવરાવશે! રહ્યા તારા પપ્પા, તે ગોળના લાડુથી આપણ સૌનું મોં મીઠુ કરાવશે.
મેં તારા પરિવારને આપણા લગ્ન માટે મનાવી લીધો છે... લક્ષ્ય નિયત સમયમાં પૂર્ણ થયું
રસિકભાઈ વ પરમાર "રવ"

# "પતંજલિ સ્કૂલ્સના એજ્યુકેશન ફેસ્ટ. ૨૦૨૫" માં ધ્યાનમ પ્રોડક્શન્સ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૫ નાટકો સતત ૪ દિવસ સુધી ભજવાયા



અવલોકનની અનુભૂતિ કરાવવાના વિચાર સાથે પતંજલિ સ્કૂલ્સના અનુભવી શિક્ષકોના માર્ગદર્શન સાથે પતંજલિ સ્કૂલ્સના વિદ્યાર્થીઓ જ્ઞાન-વિજ્ઞાનની નવી શોધખોળ કરે, આધુનિકતાને અપનાવી સાયબર ક્રાઈમથી લોકોને સાવચેત કરે, ભૂગોળને માપવા અને ખગોળના રહસ્યોને પામે, ભારતની ગાથા નિહાળતા બાળપણની સ્મૃતિ કરાવતા, રોબોટની સાથે રહીને પણ ગણિતના અવનવા કોયડા ઉકેલી અવનવી કળાઓને પ્રસ્તુત કરવા, શહીદો પ્રત્યેના સન્માનને વ્યકત કરવા, રાષ્ટ્રપ્રેમ અભિવ્યકત કરવા માટે રાજકોટ ખાતે "પતંજલિ એજ્યુકેશન ફેસ્ટિવલ - ૨૦૨૫" નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ૪ દિવસીય કાર્યક્રમમાં "ધ્યાનમ પ્રોડક્શન્સ" દ્વારા પતંજલિ સ્કૂલના વિદ્યાર્થીઓને ૫ નાટકો તૈયાર કરાવવામાં આવ્યા હતા. જેમાં સૈનિકો પ્રત્યે દેશના એક નાગરિક તરીકેની ફરજ દર્શાવતું નાટક "ભારત કે વીર"નાં ૩૫ નાટ્ય પ્રયોગ, વર્તમાન સમયમાં જેની દરેક જગ્યાએ ચર્ચા થાય છે તેવા વિષય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની સમજ આપતું નાટક "વન્ડર્સ ઓફ એ.આઈ(હ્રીજિ`ક છૈં) નાં ૫૦ નાટ્ય પ્રયોગ, ભારત વર્તમાન સમયમાં આત્મનિર્ભર બની રહ્યું છે અને પ્રગતિ કરી રહ્યું છે તે દર્શાવતું નાટક "આત્મનિર્ભર ભારત" નાં ૪૦ નાટ્ય પ્રયોગ, જોઈન્ટ ફેમિલી અને ભારતીય કુટુંબ વ્યવસ્થાનું મહત્વ સમજાવતું નાટક "પરિવર્તન" નાં ૩૦ થી વધુ નાટ્ય પ્રયોગ તેમજ ભારતીય કૃષિ અને ખોરાક વિશેની સમજ આપતું નાટક "હેલ્થ, હેન્ડ્સ અને હાર્વેસ્ટ" નાં પણ ૩૦ થી વધુ નાટ્ય પ્રયોગ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પૂરા ઉત્સાહ સાથે એક દિવસમાં વારંવાર નવી ઓડિયન્સ સામે નાટ્ય પ્રયોગ કર્યા હતા. હજારોની સંખ્યામાં લોકોએ તમામ નાટકો નિહાળ્યા હતા. આ ૫ નાટકો રાજકોટના લેખક કામ્યા ગોપલાણી દ્વારા લખવામાં આવ્યા હતા. આ નાટકોનું દિગ્દર્શન રાજકોટનાં લોકપ્રિય નાટ્ય કલાકાર, ડિરેક્ટર, "ધ્યાનમ પ્રોડક્શન્સ"નાં ચેતન ટાંક અને તેમની ટીમના સભ્યો ધ્વનિ ગાંધી, ઉર્વશી પાનખનિયા, કામ્યા ગોપલાણી દ્વારા કરવામાં આવ્યું હતું. નાટકનાં એક ટેકનિકલ પાસા નાટકમાં સ્ક્રીન પ્રેઝન્સ માટે વિડીયો એડિટીંગ ટીશા મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન અને સંકલન માટે "ધ્યાનમ પ્રોડક્શન્સ" નાં રાજવીર રાઠોડની મદદ મળી હતી. પતંજલિ સ્કૂલની સમગ્ર ટીચર્સ ટીમનો ખૂબ જ સારો સહયોગ તેમજ સ્કૂલના પ્રિન્સિપલ સર વિનોદ કાછડીયા સરનું જરૂરી માર્ગદર્શન મળ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે "ધ્યાનમ પ્રોડક્શન્સ" કલાના વિવિધ પાસાઓ જેવા કે એકિંટગ, ડાયરેકશન, મ્યુઝિક, ડાન્સ, સ્ટેજ મેકિંગ, શૂટિંગ વગેરે સાથે મુખ્યત્વે ડ્રામા પ્રોડક્શન અને ફિલ્મ મેકિંગ કરી રહ્યું છે. ધ્યાનમ પ્રોડક્શન્સનો હેતુ મુખ્યત્વે નવા કલાકારોને પ્રોત્સાહન આપવુંતેમજ કલાના ક્ષેત્રે તેમને અગ્રેસર કરવા તેવોછે. "ધ્યાનમ પ્રોડક્શન્સ" દ્વારા સમાજ માટે લોકજાગૃતિના કાર્યક્રમોપણ કરવામાંઆવેછે. "ધ્યાનમ પ્રોડક્શન્સ"ને લગતી વિશેષ માહિતી માટે (મો. ૯૪૨૮૨૦૧૫૯૦, ૭૯૮૪૦૫૮૮૩૫) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## અબોલ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને કલ્યાણના હેતુસર જનજાગૃતિ માટે રાજ્યભરમાં તા. ૧૪ થી ૩૦ જાન્યુઆરી સુધી "પ્રાણી કલ્યાણ પખવાડીયું" ઉજવાશે

રાજયભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આગામી તા. ૧૪ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધી ×પ્રાણી કલ્યાણ પખવાડીયા×ની ઉજવણી કરવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન રાજયભરમાં અબોલ પ્રાણીઓના કલ્યાણને લગતા તથા તેમના પ્રત્યે પ્રેમ વધે તે સંલગ્ન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, રાજયની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સંબંધિત નાગરિકો દ્વારા બિમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ, વંધ્યત્વ નિવારણ કેમ્પ એંટીરેબીસ કંટ્રોલ પ્રોગ્રામ તથા તાલીમ શિબિર જેવા પ્રાણી કલ્યાણના વિવિધ કાર્યક્રમો યોજાશે.આ પખવાડીયા દરમિયાન ×ઓક્સીટોસીન× ઈંજેક્શનના દુરૂપયોગ બાબતે લોક જાગૃતી કેળવવી, મોટા પ્રમાણમાં પક્ષીઓ માટે સાનુકુળ વૃક્ષો જેવા કે જાંબુ, લીમડો, પીપળ, શીમળના વાવેતર માટે નાગરિકોને અનુરોધ કરાશે. પશુ પક્ષીઓને પુરતા પ્રમાણમાં ખોરાક અને પાણી મળી રહે તે માટે માટીના વાસણ-કુંડાનું વિતરણ કરાશે.આ ઉપરાંત સમગ્ર પખવાડિયા દરમિયાન જનજાગૃતિને લગતા કાર્યક્રમોનું આયોજન કરીને શાળા, કોલેજ, કન્યા કેળવણી મંડળો તેમજ ગ્રામ પંચાયતો અને નગરપંચાયતો તરફથી પ્રાણી કલ્યાણ અને પ્રાણી પ્રત્યે પ્રેમ, દયા વિશે ચર્ચાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ પણ યોજાશે.ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા જનજાગૃતિ માટે વિવિધ પોસ્ટરો છપાવવા ઉપરાંત પ્રાણી કલ્યાણ પખવાડિયા દરમિયાન ગ્રામ્ય કક્ષાએ યોજાતી શિબિરો દરમિયાન ગૌવંશ હત્યાના પ્રતિબંધ ધારો અમલમાં છે તેની જનજાગૃતિ કેળવવા માટે પ્રચાર કરાશે. છભ્ઝ રૂલ્સ-૨૦૨૩ના ચુસ્ત અમલીકરણ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થા સાથે સંકલન કરી એનીમલ બર્થ કન્ટ્રોલ પ્રોગ્રામના અમલીકરણ દરમ્યાન શ્વાનો પર ક્રુરતા ન થાય તે બાબત અંગે ધ્યાન રાખવા સૂચના આપવી તેમ યાદીમાં વધુમાં જણાવ્યું હતું.

# પીરોટન ટાપુ પર ઊભા કરી દેવાયેલા ગેરકાયદેસર દબાણોના અતિક્રમણ સામે તંત્રની નક્કર કાર્યવાહી



દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિ માટે અત્યંત મહત્વપૂર્ણ એવા પીરોટન ટાપુ પર થયેલા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં આ પ્રકારના ગેરકાયદેસર દબાણો પર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે.પીરોટન ટાપુ પર અંદાજે ૪૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા ધાર્મિક સ્થળોનું અતિક્રમણ દૂર કરવામાં આવ્યું છે. પીરોટન ટાપુને પુનઃ મૂળ સ્થિતિમાં લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહી દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિના રક્ષણ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.પીરોટન ટાપુના આ દબાણો રાષ્ટ્રીય સુરક્ષા, સમુદ્રી જીવસૃષ્ટિ અને આસપાસના વિસ્તારમાં આવેલા મહત્વના ઉદ્યોગો માટે ખતરારૂપ સાબિત થઈ રહ્યા હતા.

★આ કડક કાર્યવાહી પાછળના કારણોઃ★

★ ★રાષ્ટ્રીય સુરક્ષા★ઃ પીરોટન ટાપુ પાસે ૫ જીઁસ આવેલા છે. જેનાથી દેશનો ૬૦% ક્રૂડ ઓઈલનો પુરવઠો સપ્લાય થાય છે. ★ ★સમુદ્રી જીવસૃષ્ટિ★ઃ પીરોટન મરીન નેશનલ પાર્કનો હિસ્સો છે. અહીંના કોરલ જેવા સમુદ્રી જીવોને ગેરકાયદેસર દબાણોને કારણે ખૂબ મોટું નુકસાન થતું હતું.

★લોકોની અવરજવર★ઃ અતિક્રમણને કારણે લોકોની અવરજવર વધી જતાં રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા.

★ ★દ્રહૃઁજી સંબંધી પ્રવૃત્તિઓ★ઃ આ સ્થળ દ્રહૃઁજી સંબંધી પ્રવૃત્તિઓ માટે લેન્ડિંગ પોઈન્ટ બનવાનું જોખમ ધરાવતું હતું.★ ★સમુદ્રી વનસ્પતિને નુકસાન★ઃ અતિક્રમણને કારણે સમુદ્રી વનસ્પતિને મોટા પાયે નુકસાન થઈ રહ્યું હતું.

★ ★મહત્વના ઉદ્યોગો માટે ખતરો★ઃ જીએસએફસી, રિલાયન્સ, નયારા એનર્જી, એરફોર્સ બેઝ, નેવી બેઝ જેવા મહત્વના ઉદ્યોગો અને સંસ્થાઓ માટે આ અતિક્રમણને કારણે થતી ગેરકાયદેસર અવરજવર ગંભીર ખતરો ઉભો કરતું હતું.


આ કાર્યવાહી દ્વારા પીરોટન ટાપુને ફરીથી તેની મૂળ સ્થિતિમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવશે અને આ સાથે દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિનું રક્ષણ કરવામાં આવશે.

## ગાંધીનગરમાં રવિવારે ભક્તિ પર્વ નિમિત્તે

# સંત નિરંકારી મિશન દ્વારા વિશેષ સત્સંગનું આયોજન કરવામાં આવશે

સતગુરુ માતા સુદિક્ષાજી મહારાજ ની અસીમ કૃપાથી તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ રવિવારે સંત નિરંકારી મિશન દ્વારા સમગ્ર ભારતના ૯૯ ઝોનમાં ભક્તિ પર્વ સમાગમ નિમિત્તે વિશેષ સત્સંગનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ત્યારે ગાંધીનગરમાં પણ " ચ " રોડ ઉપર સેક્ટર ૩૦ માં આવેલ સંત નિરંકારી સત્સંગ ભવન ખાતે સવારે ૧૧ થી ૧:૦૦ વાગ્યા સુધી આ આધ્યાત્મિક સત્સંગનું આયોજન કરવામાં આવશે. જેમાં ગાંધીનગર સહિત ઝોનમાં આવેલ અન્ય તમામ બ્રાન્ચો માથી પણ ભક્તો ઉપસ્થિત રહેશે. તો આ સત્સંગ નો લાભ લેવા ગાંધીનગર ઝોનના ઝોનલ ઈન્ચાર્જ શ્રી સોહબીરસિંઘજી બલિયાન તથા ગાંધીનગર બ્રાન્ચ ના મુખી શ્રી મંછાબેન ચુગ તરફથી વિનંતી કરવામાં આવે છે. તેમ ગાંધીનગર ઝોનના પ્રેસ મીડિયા સહાયક શ્રી કનૈયાલાલ દેવાણી ની યાદીમાં જણાવાયું છે.




## શ્રી દસ્ક્રોઈ બ્રહ્મસમાજ (ગુજરાત) દ્વારા

# બ્રહ્મભગિની સ્નેહમિલન -૨૦૨૫ ના કાર્યક્રમનું તાઃ૧૨/૦૧/૨૫ને રવિવારે જેતલપુર ખાતે આયોજન કરવામાં આવ્યું.




શ્રી દસ્ક્રોઈ બ્રહ્મસમાજ (ગુજરાત) દ્વારા બ્રહ્મભગિની સ્નેહમિલન -૨૦૨૫ ના કાર્યક્રમનું તાઃ૧૨/૦૧/૨૫ને રવિવારે જેતલપુર ખાતે આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં દસ્ક્રોઈ તાલુકાની આશરે ૨૦૦ બ્રહ્મભગિનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. સમારોહના મુખ્ય અતિથિ તરીકે ★શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષાના મહિલા પ્રમુખ શ્રીમતી ડૉ. ધારીણીબેન શુક્લ, ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી અનિલભાઈ શુક્લ અને અમદાવાદ શહેર મહિલા પ્રમુખ શ્રીમતી સ્મિતાબેન (ભગિની)★ હાજર રહી બ્રહ્મસમાજને ઉત્સાહ અને માર્ગદર્શન પૂરું પડેલ હતું. સાથે બહેનોને સ્વરોજગારી આપવાના આપણા લાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા અનુમોદિત ñઝ ની ★વીમાસખી યોજના★ અંગેની માહિતી અને મહિલા સ્વાવલાંબન ની માહિતી અને માર્ગદર્શન શ્રી વિજયભાઈ પંડ્યા (ñઝ પદાધિકારી) એ અન્ય અધિકારીઓ સહ હાજર રહી આપ્યું . શ્રી દસ્ક્રોઈ બ્રહ્મ સમાજ ના વિસ્તરણ હેતુ ★શ્રીમતી જાનકીબેન ત્રિવેદીને★ ઉપપ્રમુખ -પૂર્વ વિભાગના હોદ્દાથી નિયુક્ત કરવામાં આવ્યા

આ કાર્યક્રમમાં હાજર બ્રહ્મબહેનોને શ્રી દસ્ક્રોઈ બ્રહ્મસમાજ દ્વારા ★શુભેચ્છ્વા ભેટ સ્વરૂપે રસોઈઘર માં ઉપયોગી કેસરોલ★ આપવામાં આવ્યા.

ગરબા, સંગીતખુરશી અને સંગીત સભર ભરચક કાર્યક્રમથી આનંદ અને સસ્નેહ મિલનની અનુભૂતિ થઈ. કાર્યક્રમના અંતે બ્રહ્મભોજ કરી છુટા પડયા હતા કાયઁકમ અંતે દસ્કોઈ બ્રહ્મસમાજ પ્રમુખ વિષ્ણુભાઈ રાવલે તેમજ મહિલા પ્રમુખ બિન્દુબહેન જાનીએ સર્વે નો આભાર માન્યો હતો...

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.